1 તાજેતરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ખડકપુર,ભારતીય પુરાતત્વ વિભાગ,જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી ડેકન કોલેજ તેમજ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી દ્વારા સંયુક્ત રીતે થઈ રહેલા ઉત્ખનન દરમિયાન 2800 વર્ષ જૂના માનવ વસાહતના પુરાવા ગુજરાતના કયા સ્થળેથી મળી આવ્યા?

A) ધોળાવીરા
B) વડનગર
C) રૈયાલી
D) લાંઘણ

2 ત્રિફળા વન ક્યાં આવેલું છે?

A) સાગબારા
B) અકીલબારા
C) અમીરગઢ
D) સાપુતારા

3 ગુજરાતમાં હવામહેલ ક્યાં આવેલો છે?

A) અમદાવાદ
B) વઢવાણ
C) વડોદરા
D) ભુજ

4 1964માં સૌપ્રથમ વાર સુરકોટડા ખાતે કોણે **ઉત્ખનન** કરેલું હતું?

A) શ્રી જે. પી. જોશી
B) શ્રી એસ. આર. રાવ
C) શ્રી એસ. આર. ભટ્ટ
D) શ્રી બી.એસ. મજમુદાર

5 ધોળાવીરા નગરીય-સભ્યતાનું કયું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે?

A) જળસંચયની યોજના
B) રાજમાર્ગની યોજના
C) મકાન બાંધકામ
D) વેપાર

6 સંગમ સાહિત્યની રચના ક્યાં થઈ હતી?

A) કાલિકટ
B) પુલીકટ
C) પાટલીપુત્ર
D) મદુરાઈ

7 લોથલની શોધ કોણે કરી?

A) રવિન્દ્રસિંહ બીસ્ત
B) રખાલદાસ બેનર્જી
C) સર જોન માર્શલ
D) ડૉ. એસ. આર. રાવ

8 ગુજરાતમાં ક્યાં હડપ્પાકાલીન વ્યવસ્થિત અને પ્રાચીન નગર મળી આવ્યું છે?

A) ધોળાવીરા
B) પાટણ
C) વડનગર
D) જુનાગઢ

9 તાજેતરમાં ગુજરાતના લોથલ ખાતે રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલ NMHCનું નિર્માણ કયા દેશના સહયોગથી કરવામાં આવશે?

A) વિયતનામ
B) શ્રીલંકા
C) નેપાળ
D) ભૂતાન

10 હડપ્પીય સંસ્કૃતિમાં મૃત્યુ પામનાર મનુષ્યની અંતિમ વિધિ વિધિઓ કઈ હતી?

૧. દફનવિધિ ૨. અગ્નિસંસ્કાર

A) ફક્ત 1
B) ફક્ત 2
C) 1 અને 2 બંને
D) 1 અને 2 પૈકી કોઈ નહીં

11 ‘દેવાસનો પાડો’ _____ છે.

A) ઓશોની આત્મકથા
B) જૈન હસ્તપ્રત
C) નેપાળની પૌરાણિક રાજધાની
D) ઉપરના પૈકી કોઈ નહીં

12 ગિરનારની તળેટીમાં કયા રાજવીઓના શિલાલેખો છે?

A) સ્કંદગુપ્ત
B) સમ્રાટ અશોક
C) રુદ્રદામન
D) ઉપર દર્શાવેલા ત્રણેયના

13 સમ્રાટ અશોક સંબંધિત નીચેનામાંથી કયા વિધાનો સાચા નથી?

A) તેઓ મનુષ્ય-હત્યા પર પ્રતિબંધ લગાવવાની વિરુદ્ધમાં હતા
B) તેઓ ધાર્મિક સંવાદિતાના પક્ષમાં હતા.
C) તેમણે યુદ્ધ નહીં કરવાનું વચન આપ્યું હતું
D) તેમણે ધાર્મિક વિધિઓમાં પ્રાણીઓના બલિદાન પર પ્રતિબંધ મૂક્યો હતો

14 સૌરાષ્ટ્રમાં રુદ્રદામનનો _____ શિલાલેખ ઈ.સ 150ના સમયનો છે.

A) વિદિશા
B) કાર્લે
C) જુનાગઢ
D) ભાહુર્ત

15 ગુપ્ત વંશના કયા સમ્રાટે સૌરાષ્ટ્ર જીત્યું હતું?

A) ચંદ્ર ગુપ-I
B) ઘટોત્કચ
C) ચંદ્રગુપ્ત-II
D) કુમાર ગુપ્ત-I

16 Π (Pi) ની કિંમત 3.1416 સૌપ્રથમ કોણે આપી?

A) શ્રીનિવાસ રામાનુજન
B) વરાહ મિહિર
C) પાયથાગોરસ
D) આર્યભટ્ટ

17 સૌરાષ્ટ્રના ભાવનગર પાસે કઈ પ્રાચીન વિદ્યાપીઠ આવેલી હતી?

A) નાલંદા

B) શામળદાસ

C) તક્ષશિલા

D) વલભી

18 ગુજરાતના સ્થાપત્યની જોડીઓ ગોઠવો

| | **શહેર** | **સ્થાપત્ય** |
|---|---|---|
| 1 | પાટણ | a. પંચદેરાસર |
| 2 | સિધ્ધપુર | b. કીર્તિતોરણ |
| 3 | વડનગર | c. રુદ્રમહાલય |
| 4 | કુંભારીયા અંબાજી | d. સહસ્ત્રલિંગ તળાવ |

A) 1-b, 2-a, 3-d, 4-c

B) 1-c, 2-b, 3-a, 4-d

C) 1-d, 2-c, 3-b, 4-a

D) 1-a, 2-d, 3-c, 4-b

19 ચાવડા વંશના અંતિમ શાસક કોણ હતા?

A) વનરાજ ચાવડા

B) સામંતસિંહ

C) સિધ્ધરાજ જયસિંહ

D) મૂળરાજ

20 મીરાબાઈ કઈ ભક્તિ પરંપરાના હતા?

A) નવધા ભક્તિ

B) મધુરા ભક્તિ

C) પંચશખા

D) સહજ

21 અંગ્રેજોએ સુરતમાં પોતાની પ્રથમ ફેક્ટરી કોની પરવાનગીથી સ્થાપિત કરી હતી?

A) અકબર

B) જહાંગીર

C) શાહજહાં

D) ઔરંગઝેબ

22 દાહોદ ખાતે મોગલ સામ્રાજ્યના કયા રાજાનો જન્મ થયો હતો?

A) કુતુબુદ્દીન
B) જહાંગીર
C) અહમદશાહ
D) ઔરંગઝેબ

23 અકબરના ગુજરાત વિજય સંબંધમાં નીચેના વિધાનોમાંથી કયું વિધાન સત્ય નથી?

A) તેણે ઇ.સ. 1572 માં અમદાવાદ પર કબજો કરી લીધો હતો.
B) ખંભાતમાં તેણે સૌપ્રથમ વખત સમુદ્ર જોયો હતો.
C) તેમના સમય દરમિયાન પોર્ટુગીઝોએ સમુદ્ર પર સર્વોપરિતા સ્થાપિત કરી હતી.
D) મિર્ઝાઓએ અકબરને ગુજરાતના યુદ્ધમાં ટેકો આપ્યો હતો.

24 સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક તરીકે નામાંકિત થયેલ અમદાવાદ શહેરનો મોતીશાહી મહેલ કોણે બંધાવ્યો હતો?

A) જહાંગીરે
B) ઔરંગઝેબે
C) અહમદશાહે
D) શાહજહાંએ

25 કયા રાજાએ પોતાના સિક્કાઓ પર દેવનાગરી લિપિમાં સિક્કાનું મૂલ્ય તથા સંવત કેલેન્ડર મુજબ તારીખ મુદ્રિત કરવાનું શરૂ કર્યું?

A) જુનાગઢના નવાબ મહોબતખાન
B) ભાવનગરના નવાબ તખ્ત સિંહજી
C) વડોદરા ના મહારાજા સયાજીરાવ
D) જામનગરના રાજા જામશાહી

26 ખ્યાતનામ પ્રવાસી વાસ્કો-ડી ગામાને ભારતનો માર્ગ કોણે બતાવ્યો હતો?

A) કચ્છના કાનજી માલમે
B) શંખ ચૌહાણ
C) કચ્છના રાવ ગોડજીએ
D) જગડુશા

27 ફિરંગીઓએ _______ને હરાવીને ગુજરાતના સાગરકિનારે મજબૂત કિલ્લેબંધી કરી હતી.

A) મોહમ્મદશાહ ત્રીજા
B) બહાદુરશાહ
C) અહમદશાહ ત્રીજા
D) સિકંદરશાહ

28 ગુજરાત સલ્તનના છેલ્લા શક્તિશાળી સુલતાન બહાદુરશાહને કોણે મારી નાખ્યો?

A) શેરશાહ સુરી
B) હુમાયુ
C) બૈરામખાન
D) પોર્ટુગીઝ

29 પંચમહાલમાં બ્રિટિશ વિરુદ્ધ "નાયકડા આદિવાસી ચળવળ" કોના નેતૃત્વમાં થઈ?

A) રૂપસિંહ
B) બુધ્ધો ભગત
C) જાફરાભગત
D) ગોવિંદ ગુરુ

30 વડોદરા રિયાસત દ્વારા કયા વર્ષમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ લાગુ કરવામાં આવેલી હતી?

A) ઈ.સ. 1911
B) ઈ.સ. 1906
C) ઈ.સ. 1913
D) ઈ.સ. 1917

31 વર્ષ 1907માં સુરતમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વિભાજનનું મુખ્ય કારણ શું હતું?

A) લોર્ડ મિન્ટો દ્વારા ભારતીય રાજનીતિમાં સાંપ્રદાયિકતાનો પ્રવેશ કરાવવો
B) અંગ્રેજ સરકાર સાથે મવાળવાદીઓ દ્વારા વાતચીત કરવાની ક્ષમતા અંગે જહાલવાદીઓમાં વિશ્વાસનો અભાવ
C) મુસ્લિમ લીગની સ્થાપના
D) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ ચૂંટાવામાં અરવિંદ ઘોષની અસમર્થતા

32 અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર વાઇસરોય મિન્ટો ઉપર બોમ્બ નાખવાનો બનાવ કયા વર્ષમાં બન્યો હતો?

A) ઇ.સ. 1902

B) ઈ.સ 1905

C) ઇ.સ 1907

D) ઇ.સ 1909

33 ગાંધીજીના રાજકીય ગુરુ કોણ હતા?

A) શ્રીમદ રાજચંદ્ર

B) સ્વામી રામદાસ

C) ગોપાલકૃષ્ણ ગોખલે

D) સ્વામી રામકૃષ્ણ

34 ગાંધીજીની આગેવાની હેઠળ ઈ.સ. 1918માં અમદાવાદમાં મિલમજુરોની હડતાલ કયા મુદ્દાને લીધે થઈ હતી?

A) વ્યવસ્થાપક મંડળ દ્વારા મિલ કામદારો સાથે અમાનવીય વર્તન

B) સ્વાતંત્ર્ય સંગ્રામમાં કામદારો હિસ્સો લે તેની સામે વ્યવસ્થાપક મંડળનો વિરોધ

C) કામદારોનું પાછલા વર્ષનું પ્લેગ બોનસ પાછું ખેંચવા બાબત

D) મીલ કામદારોની મોટાપાયે છટણી

35 ખેડા સત્યાગ્રહનું મુખ્ય કારણ શું હતું?

A) પાક નિષ્ફળ જવા છતાં મહેસુલમાં વધારો

B) પાક નિષ્ફળ જવા છતાં ખેડૂતોને મહેસુલમાં કોઈ રાહત નહીં

C) મહેસુલ નહીં જમા કરી શકવાના કિસ્સાઓમાં દંડ ઉપરાંત જમીન જપ્તી

D) ગુજરાતમાં અંગ્રેજ વહીવટનો “કાયમી જમાબંધી” દાખલ કરવાનો પ્રસ્તાવ

36 કયા ગુજરાતી વકીલ લાલ કિલ્લાનો ઐતિહાસિક મુકદ્દમો લડ્યા હતા?

A) શાંતિલાલ ઝવેરી

B) ભુલાભાઈ દેસાઈ

C) સરદાર પટેલ

D) એચ. એમ. પટેલ

37 આઝાદી પ્રાપ્ત થતા જવાબદાર સરકારનો પ્રારંભ કોણે કરાવ્યો હતો?

A) વડોદરાના રાજાએ

B) ભાવનગરના રાજાએ

C) જુનાગઢના નવાબે

D) હૈદરાબાદના નિઝામે

38 મોઢેરા સૂર્યમંદિર વિશે આપેલ વિધાનમાંથી કયા વિધાન સાચા છે?

1. આ મંદિરનું નિર્માણ સોલંકી રાજા ભિમદેવ પ્રથમે ઇ.સ 1026 માં કરાવ્યું હતું.
2. આ મંદિરની સામે એક વિશાળ જળાશય છે.
3. આ મંદિર પશ્ચિમાભીમુખ છે.

A) 1 અને 2

B) 2 અને 3

C) 1 અને 3

D) એક પણ નહીં

39 વારલી રંગચિત્ર વિશે નીચે આપેલા વિધાનોમાંથી ક્યા વિધાનો સાચા છે?

1. વારલી રંગચિત્ર નામ મહારાષ્ટ્ર અને ગુજરાતના દુરસ્થ આદિજાતિ પ્રદેશોમાં વસવાટ કરતી એક નાની જનજાતિ ઉપરથી પડ્યું છે.
2. આ રંગચિત્રો મોટે ભાગે મહિલાઓ દ્વારા શુભ પ્રસંગની ઉજવણીમાં તેઓની દિનચર્યાના ભાગરૂપે તૈયાર કરવામાં આવે છે.
3. લગ્ન-પ્રસંગ વારલી રંગચિત્રોની સૌથી વધુ પુનરાવર્તિત થતી વિષયવસ્તુ છે.

ઉપરના પૈકી કયા વિધાનો સત્ય છે?

A) 1, 2

B) 1, 3

C) 2, 3

D) 1, 2, 3

40 નીચેના પૈકી કઈ ચિત્ર શૈલી ગુજરાત સાથે સંકળાયેલી છે?

1. મધુબની ચિત્ર શૈલી
2. કલમકારી ચિત્ર શૈલી
3. વારલી ચિત્ર શૈલી
4. પિઠોરા ચિત્ર શૈલી

ઉપરના વિધાનો પૈકી કયા વિધાનો સાચા છે?

A) ફક્ત 1 અને 2

B) ફક્ત 1 અને 4

C) ફક્ત 1, 3 અને 4

D) ફક્ત 3 અને 4

41 પાવરી, તાડપુ અથવા ડોબરૂ, રણસિંગું અને નાગફણી કયા પ્રકારના વાક્યોમાં સમાવેશ થશે?

A) ઘનવાદ્ય
B) તંતુ વાદ્ય
C) સુષિર વાદ્ય
D) અવનધ્ય વાદ્ય

42 ગુજરાતના ગરબા કઈ નવરાત્રી દરમિયાન થાય છે?

A) આસો નવરાત્રી
B) ચૈત્ર નવરાત્રી
C) માગ નવરાત્રિ
D) અષાઢ નવરાત્રી

43 નીચે દર્શાવેલ જોડકા યોગ્ય રીતે જોડો

| | |
|---|---|
| (a) ગોળ ગધેડાનો મેળો | (1) થાનગઢ |
| (b) તરણેતરનો મેળો | (2) ગુણભાખરી |
| (c) ચિત્ર વિચિત્રનો મેળો | (3) નઢેલાવ |
| (d) ગાયગોહરીનો મેળો | (4) જેસવાડા |

A) a-4, b-1, d-3, c-2
B) c-3, d-2, c-b-1, a-4
C) d-3, a-2, c-4, b-1
D) b-4, c-2, a-1, d-3

44 ગુજરાતના મધ્ય ભાગમાંથી કયું વૃત પસાર થાય છે?

A) કર્કવૃત
B) મકરવૃત
C) વિષુવવૃત
D) ઉપરમાંથી કોઈપણ નહીં

45 સાતપુડા પર્વતશ્રેણી કઈ બે નદીઓની વચ્ચે આવેલ છે?

A) નર્મદા અને તાપી
B) નર્મદા અને મહી
C) મહી અને સાબરમતી
D) તાપી અને ઔરંગા

46 ગુજરાતની કઈ નદીને 'મૈકલ કન્યા' તરીકે ઓળખવામાં આવે છે?

A) નર્મદા

B) સાબરમતી

C) તાપી

D) મહી

47 કયા પ્રકારની જમીન ચોમાસા દરમિયાન પાણીમાં ડૂબેલી હોય છે જેમાં પાણી ઉતરતા ડાંગરની ખેતી કરવામાં આવે છે?

A) પીટ પ્રકારની જમીન

B) જંગલ પ્રકારની જમીન

C) લેટેરાઈટ જમીન

D) રાતી જમીન

48 કોરીઓલીસ બળ એટલે શું?

A) પૃથ્વીના પરિભ્રમણના કારણે ઉત્પન્ન થતું બળ

B) પૃથ્વીના પરિક્રમણના કારણે ઉત્પન્ન થતું બળ

C) A અને B

D) એક પણ નહીં

49 એનીમો મીટરનું કાર્ય જણાવો.

A) વાતાવરણમાં હવાનું દબાણ માપવા

B) પવનની ઝડપ માપવા માટે

C) વાતાવરણમાં રહેલો ભેજ માપવા માટે

D) વરસાદનું પ્રમાણ માપવા

50 નીચેના પૈકી કયા જિલ્લાઓમાં મેંન્ગ્રુવ જંગલો મોટા પ્રમાણમાં આવેલા છે?

A) કચ્છ અને જામનગર

B) સુરત અને ડાંગ

C) વલસાડ અને નવસારી

D) સાબરકાંઠા અને બનાસકાંઠા

51 સાગ,સાલ, મહુડો, લીમડો જેવા વૃક્ષો કયા પ્રકારના જંગલોમાં જોવા મળે છે?

A) સૂકા ઝાંખરાવાળા જંગલો

B) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો

C) ઉષ્ણકટિબંધીય પાનખર જંગલો

D) પર્વતીય જંગલો

52 લોહીના ઊંચા દબાણની સારવારમાં કઈ વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવે છે?

A) સર્પગંધા

B) આમળા

C) તુલસી

D) લીમડો

53 ગુજરાતનું એકમાત્ર જૈવ આરક્ષિત ક્ષેત્ર કયું છે?

A) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

B) કચ્છ જૈવ આરક્ષિત ક્ષેત્ર

C) પોરબંદર પક્ષી અભ્યારણ

D) મરીન નેશનલ પાર્ક

54 ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કયા સ્થળે કેરેકલનું ઉછેર કેન્દ્ર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે?

A) ભુજ, કચ્છ

B) મહેસાણા, બનાસકાંઠા

C) માંડવી, સુરત

D) ધરમપુર, વલસાડ

55 પશુપાલન વ્યવસાયનો સમાવેશ અર્થતંત્રના કયા વિભાગમાં કરવામાં આવે છે?

A) દ્વિતીયક

B) પ્રાથમિક

C) સેવાક્ષેત્ર

D) આપેલ ત્રણેય

56 મિશ્ર ખેતીની નીચેના પૈકી કઈ મુખ્ય લાક્ષણિકતા છે?

A) રોકડ પાક અને ખાદ્ય પાક બંનેની ખેતી

B) એક જ ખેતરમા બે કે તેથી વધારે પાકની ખેતી

C) પશુપાલન અને પાકની ખેતી બંને

D) ઉપરના પૈકી કોઈ નહીં

57 જીવામૃત તથા બીજામૃત શબ્દનો સંબંધ નીચેનામાંથી કોની સાથે થાય છે?

A) ટપક સિંચાઈ

B) જૈવિક ઉપાયો

C) ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ

D) બીજ સંરક્ષણ

58 ગુજરાત શેના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને આવે છે?

A) તલ
B) એરંડા
C) રાય
D) તમાકુ

59 નીચેનામાંથી કયું ખનીજ ગુજરાતમાં પ્રાપ્ય નથી?

A) કેલ્સાઈટ
B) બેન્ટોનાઈટ
C) થોરિયમ
D) જીપ્સમ

60 એલ્યુમિનિયમ કઈ ધાતુમાંથી મેળવવામાં આવે છે?

A) સીસું
B) તાંબુ
C) બોકસાઈટ
D) મેંગેનીઝ

61 મોલાસીસ કયા ઉદ્યોગની અગત્યની આડપેદાશ છે?

A) લોખંડ
B) ખાંડ
C) ડેરી
D) વનસ્પતિ તેલ

62 ભારતમાં માળખાગત વિકાસના વિશાળ પ્રોજેક્ટ પૈકીનો એક પૂર્વ- પશ્ચિમ કોરિડર છે. આ કોરિડોર પશ્ચિમમાં કયા સ્થળેથી શરૂ થશે?

A) પોરબંદર
B) અમદાવાદ
C) દ્વારકા
D) કચ્છ

63 સૌથી ઝડપી ટ્રેન કઈ છે?

A) રાજધાની એક્સપ્રેસ
B) તેજસ એક્સપ્રેસ
C) વંદે ભારત એક્સપ્રેસ
D) શતાબ્દી એક્સપ્રેસ

64 રેડિયોની શોધ ક્યારે કરવામાં આવી હતી?

A) ઇ.સ 1885

B) ઇ.સ 1890

C) ઇ.સ.1895

D) ઇ.સ 1900

65 ભૂગોળના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?

A) આર્યભટ્ટ

B) ફ્રેડરિક રેટજલ

C) એલએક્સ ઝેન્ડર

D) એરાટોસ્થેનેસ

66 મંદાકિની આકાશગંગા એ કયા પ્રકારની આકાશગંગા છે?

A) સર્પાકાર આકાશગંગા

B) અનિયમિત આકાશગંગા

C) લંબગોળ આકાશગંગા

D) આપેલ પૈકી એક પણ નહીં

67 સૌરમંડળના નીચેના ગ્રહો પૈકી કયા ગ્રહનો ભ્રમણનો સમયગાળો સૌથી ઓછો હોય છે?

A) પૃથ્વી

B) બુધ

C) મંગળ

D) યુરેનસ

68 પૃથ્વીના વાતાવરણ બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે?

A) વાતાવરણ નિર્માણના બીજા તબક્કામાં પૃથ્વીમાંથી વાયુ ઉત્સર્જનની પ્રક્રિયા થઈ હતી

B) પૃથ્વીના વાતાવરણમાંથી હાઈડ્રોજન અને હિલિયમ વાયુઓ સૌર પવનોને કારણે દૂર થયા

C) પૃથ્વીના વાતાવરણની હાલની રચના માટે નાઇટ્રોજન અને ઓક્સિજન વાયુ મુખ્યત્વે જવાબદાર છે

D) આપેલા પૈકી એક પણ નહીં

69 આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા કયા મહાસાગર માંથી પસાર થાય છે?

A) પેસેફિક મહાસાગર

B) આર્કટીક મહાસાગર

C) હિંદમહાસાગર

D) એટલાન્ટિક મહાસાગર

70 “રીંગ ઓફ ફ્રાયર” શબ્દ નીચેનામાંથી કોની સાથે સંકળાયેલો છે?

1. ભૂકંપથી
2. જ્વાળામુખીથી
3. પેસેફિક મહાસાગરથી
4. જંગલની આગથી

A) 1, 2 અને 3

B) 2 અને 3

C) 2 અને 4

D) 1, 2, 3, 4

71 ગુજરાતમાં પાવાગઢમાં આવેલા દુધિયા તળાવની ઉત્પત્તિ શેના લીધે થઈ હતી?

A) જ્વાળામુખી ક્રેટરમાં પાણી ભરાતા

B) વિશ્વામિત્ર નદીના પાણીને લીધે

C) કચ્છમાં આવેલ ભૂકંપના લીધે

D) એક પણ નહીં

72 કયા મહાસાગરના તળિયે ‘નાઈંટી ઇસ્ટ હારમાળા’ અને ‘મેસ્કારેન હારમાળા’ આવેલી છે?

A) હિંદ મહાસાગર

B) પેસેફિક મહાસાગર

C) એટલાન્ટિક મહાસાગર

D) આર્કિટીક મહાસાગર

73 ટાલ્ક ખનીજની નકકરતાનો ક્રમાંક કયો છે ?

A) 10

B) 1

C) 8

D) 4

74 વાતાવરણમાં રહેલા વાયુઓના પ્રમાણનો સાચો ઉતરતો ક્રમ શોધો.

A) નાઇટ્રોજન-આર્ગોન- હિલિયમ- હાઈડ્રોજન

B) હિલિયમ- આર્ગોન- નાઇટ્રોજન- હાઇડ્રોજન

C) નાઇટ્રોજન -ઓક્સિજન આર્ગોન- કાર્બન ડાયોક્સાઇડ

D) ઓઝોન-નાઇટ્રોજન -ક્રિપટોન- હાઈડ્રોજન

75 આબોહવા અને હવામાન બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.
વિધાન

1. આબોહવા એ ટૂંકા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ છે
2. હવામાન એ લાંબા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ છે

A) માત્ર વિધાન 1 સાચું છે
B) માત્ર વિધાન 2 સાચું છે
C) બંને વિધાન સાચા છે
D) બંને વિધાન ખોટા છે

76 પવન દ્વારા બનાવેલ જમીન સ્વરૂપ 'બરખાન' અંગે કયું વિધાન સાચું છે?
A) રેતીથી બનેલા ટેકરા અને નાની ટેકરીઓના રૂપમાં હોય છે.
B) બરખાન એ રેતીનો ટેકરો છે જેનો આકાર અર્ધચંદ્રાકાર હોય છે.
C) પરવલયાકાર રેતીના ટેકરા રેતાળ જમીન પર જોવા મળે છે અહીં આંશિક વનસ્પતિ જોવા મળે છે.
D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

77 કુત્રિમ વરસાદ માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે?
A) સોડિયમ આયોડાઇડ
B) સોડિયમ ઓક્સાઈડ
C) કેલ્શિયમ આયોડાઈડ
D) સિલ્વર આયોડાઈડ

78 નીચેના પૈકી કયો ગરમ સમુદ્ર પ્રવાહ છે?
A) કેનરી
B) અખાતી પ્રવાહ
C) લાબ્રાડોર
D) કુરીલ

79 પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પીએમ શ્રી યોજનાની જાહેરાત કરી છે જે શાળાઓના વિકાસ અને ઉન્નતિ માટેની એક પહેલ છે. દેશભરની કેટલી શાળાઓ આ પીએમ શ્રી યોજના હેઠળ છે?
A) 20,500
B) 15,500
C) 16,500
D) 14, 500

80 ‘સ્માઈલ ૭૫’ પહેલ કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી?

A) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય

B) ગૃહ મંત્રાલય

C) શ્રમ અને રોજગાર મંત્રાલય

D) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

81 ‘સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઇન ઇન્ડિયન હિમાલયસ રીજન’ ઉપર પાંચ વિષયક અહેવાલો ______ દ્વારા ઉદઘાટિત કરવામાં આવ્યા હતા.

A) સંયુક્ત રાષ્ટ્રો

B) પર્યાવરણ મંત્રાલય ભારત સરકાર

C) નીતિ આયોગ

D) ઉપરના તમામ

82 Dena Bank અને વિજયા બેન્ક સાથે વિલીનીકરણ બાદ બેંક ઓફ બરોડા ________ ક્રમની સૌથી મોટી બેંક છે.

A) પ્રથમ

B) બીજા

C) ત્રીજા

D) ચોથા

83 ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી 2020માં શરૂ કરવામાં આવેલ ગુજરાત લેન્ડ બેંક પોર્ટલના મુખ્ય હેતુ હેતુઓ શું છે?

1. ઓનલાઇન મધ્યમ ના ઉપયોગથી પારદર્શિતા સાથે નિવેષકોને ઉદ્યોગ સ્થાપવા માટે જમીનની શોધ માટે સહાયરૂપ થવું
2. લેન્ડબેન્ક ઔદ્યોગિક વસાહતોમાં ઉપલબ્ધ જમીન વિશેની માહિતી પૂરી પાડે છે
3. આ પોર્ટલ નજીકમાં રસ્તા રેલવે હવાઈમથક બંદર પાવર પાણી તથા ગેસ નેટવર્ક જેવી માળખાકીય સુવિધાઓની માહિતી પૂરી પાડે છે

A) ફક્ત એક અને બે

B) ફક્ત બે

C) ફક્ત એક અને ત્રણ

D) એક બે અને ત્રણ

84 મહાભિયોગ(Impeachment)ની કાર્યવાહી કોની પર કરવામાં આવે છે?

A) નાણાપ્રધાન પર
B) વડા પ્રધાન પર
C) સંરક્ષણપ્રધાન પર
D) રાષ્ટ્રપ્રમુખ પર

85 નીચેના પૈકી કયું ભારતના તમામ એટીએમને (ATM) સાંકળે છે

A) બેન્કિંગ બોર્ડ ઓફ ઇન્ડિયા
B) નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ
C) નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
D) સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા

86 C. P. I નું સંપૂર્ણ નામ શું છે?

A) કોર્પોરેટ નફાકારકતા સૂચક આંક
B) કોર્પોરેટ નફાકારકતા વિચાર
C) ભ્રષ્ટાચાર ધારણા સૂચક આંક
D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

87 'વિનિમેશ ડીસઇન્વેસ્ટમેન્ટ વિભાગ'નું નવું નામ શું છે?

A) નીતિ આયોગ
B) ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ
C) ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્વેસ્ટમેન્ટ
D) ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એસેટ મેનેજમેન્ટ

88 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના' અંગે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે?

1. તે 'એક રાષ્ટ્ર, એક ફસલ, એક પ્રીમીયમ' ના સિદ્ધાંત પર આધારિત યોજના છે.
2. આ યોજના એ દેશના કુલ પાક વિસ્તારના વીમા કવરેજને 23% થી વધારીને 90% કરી છે.
3. આ યોજના વિસ્તાર અભિગમના આધારે લાગુ કરવામાં આવી રહી છે.

A) 1, 2 અને 3
B) ફક્ત 2 અને 3
C) ફક્ત 1 અને 3
D) ફક્ત 1 અને 2

89 આજે દિલીપનો જન્મદિવસ છે એક વર્ષ પછી તેની ઉંમર તેની આજથી દસ વર્ષ પહેલાની ઉંમર કરતાં બમણી હોય તો તેની આજની ઉંમર કેટલી હશે?

A) 17 વર્ષ
B) 18 વર્ષ
C) 19 વર્ષ
D) ઉપર પૈકી કોઈ નહીં

90 રીના તેના ઘરેથી દક્ષિણ તરફ 100 મીટર દોડે છે ત્યારબાદ ડાબી બાજુ વળી 250 મીટર દોડે છે ત્યાંથી ફરી ડાબી બાજુ વળીને 400 મીટર દોડે છે ત્યારબાદ જમણી બાજુ વળી સ્ટેડિયમ પહોંચવા 50 મીટર દોડે છે તો તેના ઘરેથી સ્ટેડિયમ કઈ દિશામાં હશે?

A) દક્ષિણ પશ્ચિમ
B) ઉત્તર પૂર્વ
C) પૂર્વ
D) આપેલ માહિતી સંપૂર્ણ નથી

91 નીચેનામાંથી કયું જિલ્લા કલેકટરનું કાર્ય નથી?

A) જમીન મહેસુલ
B) કાયદો અને વ્યવસ્થાની જાળવણી
C) જિલ્લા વિકાસ કાર્યો
D) નીતિવિષયક બાબતોમાં નિર્ણય કરવા બાબત

92 તાલુકા પંચાયતની વહીવટી પાંખના વડા '.........................' કહેવાય છે.

A) તાલુકા પ્રમુખ
B) તાલુકા વિકાસ અધિકારી
C) તાલુકા કમિશનર
D) મામલતદાર

93 એટર્ની જનરલ ભારતની કઈ અદાલતમાં ફરજ બજાવી શકે?

A) ફક્ત સર્વોચ્ચ અદાલતમાં
B) ફક્ત સર્વોચ્ચ અદાલત અને રાજ્યની વડી અદાલતોમાં
C) સેશન કોર્ટથી ઉપરના દરજ્જાની અદાલતમાં
D) ભારત પ્રદેશની તમામ અદાલતોમાં

94 જો રાજ્યસભાના અધ્યક્ષ કાર્યકારી રાષ્ટ્રપતિ બને તો તેમની અધ્યક્ષ તરીકેની જવાબદારી કોણ નિભાવે છે?

A) નાયબ અધ્યક્ષ
B) તેઓ અધ્યક્ષ તરીકે ચાલુ રહે છે
C) નવા ચૂંટાયેલા અધ્યક્ષ
D) અધ્યક્ષ દ્વારા નિયુક્ત કરાયેલા રાજ્યસભાના સદસ્ય

95 ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો _________ ફરજો છે.

A) રાજ્ય પર ફરજિયાત
B) સરકાર પર ફરજિયાત
C) નાગરિકો પર ફરજિયાત
D) ન્યાયતંત્ર પર ફરજિયાત

96 બંધારણના અનુચ્છેદ 29(1) અંતર્ગત ભારતના કોઈપણ નાગરિકને કઈ વિશિષ્ટતા જાળવી રાખવાનો અધિકાર આપવામાં આવેલ છે?

A) રૂઢિ, વિધિ અથવા સંસ્કૃતિ
B) ભાષા, વિધિ અથવા રિવાજ
C) ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ
D) લિપિ, સંસ્કૃતિ અથવા ધર્મ

97 ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાના હક વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે.

A) કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં ધાર્મિક સુચનાઓ આપી શકાતી નથી
B) કોઈપણ વ્યક્તિને કોઈપણ ધર્મના પ્રચાર માટે કર ચૂકવવા માટે દબાણ કરી શકાય નહીં
C) A તથા B બંને
D) A અથવા B એક પણ નહીં

98 શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ .......................... , ...................... અને .......................... છે.

A) નગર પંચાયત, મહાનગરપાલિકા, મહાનગરનિગમ
B) નગર પંચાયત, શહેર પંચાયત, મહાનગરનિગમ
C) નગરપાલિકા, મહાનગરપાલિકા, મહાનગરનિગમ
D) શહેર પંચાયત, મહાનગરપાલિકા, મહાનગરનિગમ

99 ભારતના બંધારણના આમુખમાં ન્યાય શબ્દનો ઉલ્લેખ શું વ્યક્ત કરે છે?

A) સામાજિક, રાજકીય અને ધાર્મિક ન્યાય
B) સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ન્યાય
C) સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય
D) આર્થિક અને રાજકીય ન્યાય

100 બંધારણની કઈ અનુસૂચી ઘણા રાજ્યોમાં અનુસૂચિત વિસ્તારોના વહીવટ અને નિયમન માટેની ખાસ જોગવાઈઓને લગતી છે?

A) ત્રીજી અનુસૂચિ
B) દસમી અનુસૂચિ
C) પાંચમી અનુસૂચિ
D) નવમી અનુસૂચિ

101 It is too early to thank him (Remove "too")

A) It is so early that you can thank him.
B) It is so early that you cannot thank him.
C) It is so early not to thank him.
D) It is so early to thank him.

102 It was only two or three feet deep at the shallow end. (Turn into negative sentence)

A) It was not less than two or three feet deep at the shallow end.
B) It was not more than two or three deep at the shallow end.
C) It was not two or three feet deep at the shallow end
D) It was not very deep at the shallow end.

103 Select the correct synonym for the Solemn

A) Sober
B) Cheerful
C) Humorous
D) Gentle

104 You do preach worse than a parson. (change the degree)

A) A parson does not preach so bad as you do
B) A parson teaches the worst
C) You preach so bad as the parson
D) A parson preaches so bad as you do

105 How quiet it was! (Turn into assertive)

A) It was quiet.
B) It was very quiet.
C) How it was very quiet.
D) It is very quiet.

106 Sonal, can you say something about Mr. Bhatt ? Sonal: _____________ (Describing person)

A) He is in the office.
B) He is a man with a hat.
C) He will meet you today.
D) I don't know him

107 Please give me____ tomatoes

A) too much
B) a few
C) a little
D) a lot

108 Mohanlal, how are you doing in your business? Mohanlal: ___________ (Indicating contrast)

A) I am doing my best.
B) Though I work hard, I can't earn much.
C) Why are you asking about my business?
D) I invested in stock markets so I earn much.

109 Manan completed his century ___________ (showing manner)

A) in the last match
B) with sixes and fours
C) hitting the ball hard
D) at this stadium

110 The dog is angry. It ___________ (expressing possibility)

A) will bark at you
B) can eat this biscuit
C) is panting
D) may bite you

111 Little Tinu is performing well _______________ (Showing result)

A) but she will not win the competition
B) so she will get the prize
C) and she is building confidence
D) though she didn't practice much

112 He had a genuine love for anyone he came across. (Choose the correct question tag)

A) Had he
B) Hadn't he
C) Did he
D) Isn't he

113 Authentic (Choose the correct **Synonym**)

A) Credible
B) Fictitious
C) Unreal
D) None of these

114 One dark evening as he was trudging______ the road he caught sight of little grey cottage by the roadside.

A) after
B) along
C) towards
D) by

115 Mukesh insists on being his own master (Choose correct complex form of the same)

A) Mukesh insists because he wants to become master
B) Mukesh insists and he wants to become master
C) Mukesh insists that he must be his own master
D) Mukesh insists to be his own master

116 Select the grammatically correct sentence.

A) He ate the sweets greedy.
B) I could not find it anywhere.
C) I haven't got known.
D) He is much weak.

117 He dropped me like hot brick (Choose correct use of ‘as if’)

A) He dropped me as if I am a hot brick
B) He dropped me as if a hot brick
C) He dropped me as if I were a hot brick
D) He dropped me as if I was a not brick

118 Was he carried alone by you? (Choose the correct active voice)

A) Did he carried alone by you?
B) Do you carry him alone?
C) Was you carry him alone?
D) Did you carry him alone?

119 Identify the form of future simple tense from the given options

A) Subject + simple future of the verb 'to be' + present participle
B) Subject + simple future of the verb 'to have' + past participle
C) Subject + simple future of the verb 'to do' + present participle
D) Subject + simple future of the verb 'to be' + past participle

120 Since the beginning of history

P : have managed to catch
Q : the Eskimos and Red Indians
R : by a very difficult method
S : a few specimens of this aquatic animal

A) QRPS
B) SQPR
C) SQRP
D) QPSR

Read the following paragraph and answer the questions. **(From 121 to 125)**
Digital India can be the prime ___**A**___ behind making a reality of the government’s promise of minimum government, and maximum governance. Such a transformation requires technology to be firm ___**B**___ into government, something that the Digital India project lists as one of its foremost objectives. Embedding technology into government ___**C**___ will do three things; transform the government and make it more transparent and efficient, transform the lives of citizens especially those at the bottom of the ___**D**___ pyramid and make our economy more efficient and competitive. A 2014 McKinsey Global Institute report predicts that the large-scale ___**E**___ of technology through Digital India positions India with the biggest opportunity yet to accelerate economic growth.

121 Select the most appropriate option to fill in the blank A.

A) Factors
B) Might
C) Force
D) Impact

122 Select the most appropriate option to fill in the blank B.

A) Stuck
B) Planted
C) Routed
D) Embedded

123 Select the most appropriate option to fill in the blank C.

A) offices
B) hierarchies
C) processes
D) details

124 Select the most appropriate option to fill in the blank D.

A) hypothetical
B) proverbial
C) mythical
D) classified

125 Select the most appropriate option to fill in the blank E

A) hypothetical
B) proverbial
C) mythical
D) classified

126 ઉત્પાત- સાચો સમાનાર્થી શબ્દ લખો

A) ઉમંગ
B) તોફાન
C) કંકાસ
D) શાંતિ

127 નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
તુલસી, ટેવ, હજાર, ચાંચ, પાણી

A) ચાંચ, ટેવ, તુલસી, પાણી, હજાર
B) તુલસી, ચાંચ, ટેવ, પાણી, હજાર
C) પાણી, તુલસી, ચાંચ, ટેવ, હજાર
D) ચાંચ, પાણી, તુલસી, ટેવ, હજાર

128 વચન બદલો - અધૂરું

A) અધિરી
B) અધૂરા
C) અધુરાઓ
D) એકેય નહીં

129 પુલ્લિંગ શબ્દ ઓળખો

A) કાર્યક્રમ
B) સુખ
C) સંસ્કૃતિ
D) વિકૃતિ

130 શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો
જેની બુદ્ધિ સ્થિર છે તે

A) સ્થિતપ્રજ્ઞ
B) સુઝ્ન
C) યજ્ઞ
D) પ્રજ્ઞ

131 સમાસ ઓળખો - ધર્મપત્ની

A) ઉપપદ
B) કર્મધારય
C) દ્વંદ
D) તત્પુરુષ

132 યોગ્ય વિરામચિન્હ મૂકો
"શ્યામ અંતરમાં ઓછું ના લાવશો"

A) શ્યામ અંતરમાં, ઓછું ના લાવશો
B) શ્યામ અંતરમાં ઓછું, ના લાવશો
C) શ્યામ અંતરમાં ઓછું ના, લાવશો
D) શ્યામ, અંતરમાં ઓછું ના લાવશો

133 સંધિ છોડો-પર્યાવરણ

A) પર્ય + આવરણ

B) પરિ + આવરણ

C) પરી + અવરણ

D) પર્યા + વરણ

134 નીચેનામાંથી કયો શબ્દ સમાસ નથી તે જણાવો. “સંધ્યાઆરતીના ઘંટારવ નગારા ને શંખનાદ બધે સામટા ગુંજી ઊઠે”

A) સંધ્યાઆરતી

B) ઘંટરાવ

C) નગારા

D) શંખનાદ

135 નીચેનામાંથી કયું ઉદાહરણ પ્રાસસાંકળી અલંકારનું છે?

A) દુઃખના ઉગ્યા છે ઝીણા ઝાડ જો

B) વાપરીએ વિચારીને વાણી, પાણી પણ એમ જ વેંતે વેંતે...

C) કાકાએ કાકીને કહ્યું કે કાચી કેરીનું કચુંબર કર

D) ભમરા સમો આ ભમતો પવન

136 આદિત્યનો સમાનાર્થી શબ્દ કયો છે?

A) કમળ

B) સૂર્ય

C) ચંદન

D) મોગરો

137 “કસબે તુર્ક ન છેડીએ, બજારે બકાલ” રૂઢિપ્રયોગ નો અર્થ શું છે?

A) કસબામાં પાણી રાખવું અને બજારમાં શાકભાજી રાખવા

B) ગામમાં શાકભાજી ખરીદવા કરતા પરદેશમાં ધંધો કરવો સારો

C) કસબામાં તુર્ક ને બજારમાં વાણિયાને છેડવો નહીં

D) ગામ હોય કે શહેર હોય શાકભાજી બધે સરખા

138 ‘બાર ભૈયા ને તેર ચોકા’ કહેવત નો અર્થ જણાવો

A) જૂથ મોટું પણ મતભેદ ઓછા

B) જૂથ નાનું અને મતભેદ ઓછા

C) જૂથ નાનું પણ મતભેદ ઘણા

D) જૂથ મોટું અને મતભેદ ઘણા

139 નવરાત્રી કયા પ્રકારનો સમાસ છે

A) દ્વિગુ

B) બહુવ્રીહી

C) મધ્યમપદલોપી

D) કર્મધારય

140 'પરીમિતી'ની સાચી જોડણી કઈ છે ?

A) પરિમિતી

B) પરીમિતી

C) પરિમિતિ

D) પરિમીતિ

141 વાછરડું જોયા વિના દૂધ દોહવા દેતી ગાય

A) અવલી

B) કવલી

C) સાવલી

D) ઝાવલી

142 અલંકારનો પ્રકાર વિકલ્પોમાંથી શોધો.

"મારા નેત્ર બંધ હોય ત્યારે મને ઊંઘતો ન સમજવો તે એક પ્રકારની સમાધિ છે"

A) વર્ણ સગાઈ

B) ઉપમા

C) વ્યાજસ્તુતિ

D) વ્યતિરેક

143 નીચે આપેલ વાક્યને પ્રેરક વાક્યમાં ફેરવો: તે ખાય છે

A) તેનાથી ખવાય છે

B) તેની પાસે ખવાશે

C) તેને ખવડાવે છે

D) તેને ખવડાવશે

144 નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.

A) કુરંગ

B) સારંગ

C) નીલકંઠ

D) મૃગ

145 બારસાખના ઉપલા લાકડાનો આગળ રહેતો ભાગ

A) મોભ

B) ટોડલો

C) દાંડો

D) શિખર

146 સંયોજકનો પ્રકાર લખો.

વર્ગમાંથી એક શિક્ષક ગયા અને બીજા આવ્યા

A) અવતરણવાચક

B) વિકલ્પવાચક

C) સમુચ્ચયવાચક

D) શરતવાચક

147 છંદ ઓળખો

"નેવાધારે નયન વરસી પત્રથી દીકરી તે"

A) અનુષ્ટુપ

B) મંદાક્રાંતા

C) પૃથ્વી

D) હરિગીત

148 આમાં કોણ બંધબેસતું નથી?

A) કંચન

B) સોનું

C) સુવર્ણ

D) કથીર

149 ઉછંગ શબ્દનો સમાનાર્થી જણાવો

A) પુષ્કળ

B) પીવાડી

C) ખોળો

D) મૃદુલ

150 નીચે આપેલા તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો: દગડું

A) પથ્થર

B) સૈન્ય

C) આંખ

D) દ્રષ્ટિ

# ROUGH WORK

# ROUGH WORK